**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૯૨૫૩૭ તા.૨૮/૦૭/૨૦૨૨

પરિપત્ર-૨૭૮૫

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે શિક્ષણ વિદ્યાશાખાના બી.એડ. (બેચલર ઓફ એજ્યુકેશન) અભ્યાસક્રમની ઓનલાઈન મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા અન્વયે તા.૨૨/૦૭/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ રાઉન્ડ-૨ બાદ ખાલી રહેતી બેઠકો પર ઓપન રાઉન્ડ દ્વારા પ્રવેશ પ્રક્રિયા તા.૨૯/૦૭/૨૦૨૨ થી તા.૦૮/૦૮/૨૦૨૨ સુધીમાં નીચે જણાવેલ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે.

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના બી.એડ. પ્રવેશનો બીજો રાઉન્ડ તા.૨૨/૦૭/૨૦૨૨ના રોજ પૂર્ણ થતાં ઘણી બધી કોલેજોમાં બી.એડ. સીટો ખાલી રહેતાં પ્રવેશ માટે નીચે મુજબ નિણર્ય લેવામાં આવેલ છે.
- બી.એડ. પ્રવેશ માટે ઓપન રાઉન્ડ આપવામાં આવે છે. આ રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓ બી.એડ. પ્રવેશ ઇરછુક હોય અને અગાઉ બી.એડ. પ્રવેશ માટે રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય તેવા વિદ્યાર્થીઓ રૂ.૧૦૦૦/-ની પેનલ્ટી સાથે પ્રવેશ લેવા ઈચ્છુક બી.એડ. કોલેજ ખાતેથી ઓનલાઈન બી.એડ.ફોર્મ ભરી કરી શકશે. તા.૨૯/૦૭/૨૦૨૨ થી ૦૮/૦૮/૨૦૨૨ સુધીમાં કોલેજો દ્વારા તમામ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
- સરકારશ્રીના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે રીતે કોલેજોએ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. કોલેજોએ ફોર્મ ભરતા પહેલાં જે તે કોલેજમાં વિષયની ખાલી જગ્યાઓ હોય તો જ કોલેજમાં પ્રવેશ ફોર્મ ભરી આપવાના રહેશે.
- સરકારશ્રીના પ્રવેશના નિયમો મુજબ દરેક કોલેજોની સ્ટ્રેન્થને ધ્યાને રાખી ૧૦% બેઠકો EWSની ભરવાની હોય છે. જે વિદ્યાર્થીઓ EWS કેટેગરીમાં પ્રવેશ લેવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ EWSનું પ્રમાણપત્ર રજુ કરેથી EWS કેટેગરીમાં પ્રવેશ પાત્ર થશે. જેમાં વિષયવાર NCTEના ૨૫% બેઠકો ફાળવવાના નિયમનું પાલન કરવાનું રહેશે.
- બી.એડ. કોલેજ ચલાવતા મંડળની સરકારશ્રીના પ્રવેશ ધોરણો મુજબ (મેનેજમેન્ટ ક્વોટા) ૧૫%બેઠકો ભરવાના અધિકાર મુજબ પ્રવેશ ફોર્મ ભરી મેરીટના ધોરણે પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. જેની ચકાસણી યુનિવર્સિટી ખાતે કરાવી એપ્રુવલ લેવાની રહેશે.